# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11.09.2026** **Morning: 7.45 TO 7.55**
**Day: Friday** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

***************************************************

1) નવી દિલ્હીમાં 18મા બ્રિક્સ સમિટની તૈયારીઓને આખરી ઓપ અપાયો - રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વહેલી સવારે દિલ્હી પહોંચ્યા

2) ઉપરાષ્ટ્રપતિ આજથી દાદરા નગર હવેલી દમણ અને દીવની બે દિવસની મુલાકાતે

3) મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર આજે ગુજરાત ના અમદાવાદ ખાતે રાજ્યના બૂથ લેવલ ઓફિસર્સ સાથે સંવાદ કરશે

4) પૂર્વી કોંગોના બુકાવુ શહેરમાં બે શાળાઓમાં આગ લાગતા 26 વિદ્યાર્થીઓના મોત અને 12 ઘાયલ

5) ભારતીય ક્રિકેટ ટીમ,મહિલા એશિયા કપ 2026ની ફાઇનલમાં પહોંચી

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BRICKS

ભારત,18મા બ્રિક્સ સમિટની નવી દિલ્હીમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન 18મી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે આજે વહેલી સવારે નવી દિલ્હી પહોંચ્યા છે. એરપોર્ટ પર વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે તેમનું સ્વાગત કર્યું.

આ બે દિવસીય આ સમિટમાં બ્રાઝિલ , ચીન, ઇજિપ્ત, ઇથોપિયા, ઇન્ડોનેશિયા, ભારત, ઈરાન, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમીરાત સહિત 11 મુખ્ય ઉભરતા અને વિકાસશીલ અર્થતંત્રો ભાગ લેશે.

## (વોઇસ કાસ્ટ –સુપ્રણા)

બેલારુસ, બોલિવિયા, ક્યુબા, કઝાકિસ્તાન, મલેશિયા, નાઇજીરીયા, થાઇલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન અને વિયેતનામ બ્રિક્સ ભાગીદાર દેશો તરીકે ભાગ લેશે. બ્રિક્સ દેશો વિશ્વની વસ્તીના આશરે 49 ટકા અને વૈશ્વિક GDPના લગભગ 40 ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.

બ્રિક્સ સમિટ આવતીકાલથી સભ્ય દેશો માટે "સમાવેશક વૈશ્વિક શાસન અને બહુપક્ષીયતા મજબૂત બનાવવી" વિષય પર એક સત્ર સાથે શરૂ થશે. બ્રિક્સ નેતાઓ ભારત મંડપમ ખાતે "ઇન્ડિયા ઇનોવેટ્સ" પ્રદર્શનની પણ મુલાકાત લેશે.

બ્રિક્સ દેશના વડાઓની સુરક્ષાને લઈને દિલ્હી પોલિસે યાતાયાત અને ઉડાન અંગે જાહેરનામું બહાર પાડ્યું છે

## (બાઇટ –અમીષા)

# RASHTRAPATI BHAVAN CLOSED

બ્રિક્સ સમિટ 2026 ને ધ્યાનમાં રાખીને , રાષ્ટ્રપતિ ભવન, રાષ્ટ્રપતિ ભવન સંગ્રહાલય અને અમૃત ઉદ્યાન આવતીકાલથી 13 તારીખ સુધી જાહેર મુલાકાત માટે બંધ રહેશે.

રાષ્ટ્રપતિ સચિવાલયે જણાવ્યું હતું કે આવતીકાલે રાષ્ટ્રપતિ ભવનના ફોરકોર્ટમાં ગાર્ડ પરિવર્તન સમારોહ પણ યોજાશે નહીં.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં પ્રખ્યાત પરોપકારી પ્રિન્સ રહીમ આગા ખાન પાંચમા સાથે મુલાકાત કરી હતી.

તેમણે સામાજિક વિકાસ, સિંચાઈ, સહકારી, કુદરતી ખેતી - બાજરી સહિત - અને સૌર ઉર્જામાં સહયોગ મજબૂત કરવા અંગે ચર્ચા કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે કહ્યું કે ભારત આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક સાથેના તેના બંધનને મહત્વ આપે છે.

ગઇકાલે પ્રધાનમંત્રીએ શ્રી ઈમામ સાથે મુલાકાત કરી હતી અને સ્વર્ગસ્થ આગખાન 4 ના સામાજિક યોગદાનને બિરદાવ્યું હતું.

# VICE PRESIDENT-VISIT

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન આજથી દાદરા નગર હવેલી દમણ અને દીવની બે દિવસની મુલાકાતે છે.

આ મુલાકાત દરમિયાન , ઉપરાષ્ટ્રપતિ સિલ્વાસામાં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ ખાતે જાહેર કાર્યક્રમમાં હાજરી આપશે. તે સાથે સિલ્વાસામાં સ્વામી વિવેકાનંદ વિદ્યા મંદિર અને નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અને દમણમાં તાજેતરમાં ઉદ્ઘાટન કરાયેલ નમો હોસ્પિટલ સહિતની મુખ્ય સંસ્થાઓની પણ મુલાકાત લેશે.

તેઓ દમણ નાઇટ માર્કેટ , રામસેતુ સીફ્રન્ટ અને નમોપથ સીફ્રન્ટ સહિત મહત્વપૂર્ણ પ્રવાસન અને વોટરફ્રન્ટ વિકાસ સ્થળોની પણ મુલાકાત લેશે.

# IMF

બીજા ક્વાર્ટરમાં દેશની અર્થવ્યવસ્થા 7.8 ટકાના દરે વિસ્તર્યા બાદ આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) એ ભારતને વૈશ્વિક વિકાસનું મુખ્ય એન્જિન ગણાવ્યું છે.

IMF ના સંદેશાવ્યવહાર વિભાગના ડિરેક્ટર જુલી કોઝાકે જણાવ્યું હતું કે , અર્થતંત્ર પર તેલના વધતા ભાવની અસર વચ્ચે અપેક્ષા કરતાં વધુ મજબૂત પ્રદર્શન કર્યું છે.

શ્રીકોઝાકેએ ભારતના તાજેતરના વિકાસ આંકડા , તેના મેક્રોઇકોનોમિક ડેટા અને મુખ્ય ઊર્જા આયાતકાર પર ક્રૂડ ઓઇલના ઊંચા ભાવની અસર અંગેના પ્રશ્નોના જવાબમાં તેમની આ ટિપ્પણીઓ આવી હતી.

શ્રી કોઝાકે કહ્યું કે ભારતના નવીનતમ GDP પ્રકાશનમાં ઔદ્યોગિક ઉત્પાદનનો નવો સૂચકાંક અને નવી ઉત્પાદક ભાવ સૂચકાંક શ્રેણીનો સમાવેશ થાય છે. IMF એ કહ્યું કે તે ભારતના પર પણ નજર રાખી રહ્યું છે. મોંઘી ઊર્જા તમામ તેલ આયાત કરનારા દેશો માટે દબાણ બનાવે છે.

# CEC AMD VISIT

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની બે દિવસની ગુજરાતની મુલાકાતે છે. મુલાકાતના બીજા દિવસે આજે તેઓ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજ્યના બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) સાથે સંવાદ કરશે. ત્યારબાદ, તેઓ શેલા સ્થિત AUDA ઓડિયોરિયમ ખાતે 1000થી વધુ ઈલેક્ટોરલ લિટરસી ક્લબ (ELC) ના સભ્યોને પ્રોત્સાહિત કરશે અને તેમની સાથે સંવાદ કરશે. દરમ્યાન ગઇકાલે તેઓઓએ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) પરિસરની મુલાકાત લઈને પ્રબુદ્ધ નાગરિકો સાથે ભારતમાં ચૂંટણીઓનું સંચાલન -વિશ્વની સૌથી મોટી લોકશાહી વિષય પર સંવાદ કર્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JP NADDDA

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ WHO પ્રાદેશિક સમિતિના 79મા સત્રને વર્ચ્યુઅલી સંબોધન કરતાં ,પ્રાદેશિક ભાગીદારીને મજબૂત બનાવવા અને મજબૂત , વધુ સ્થિતિસ્થાપક અને સમાન આરોગ્ય પ્રણાલીઓના નિર્માણ માટે સામૂહિક પ્રયાસોમાં યોગદાન આપવાની ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી છે.

તિમોર-લેસ્ટેના દિલી ખાતે યોજાયેલા દક્ષિણ-પૂર્વ એશિયામા આયોજિત સત્રમાં ભારત સરકારના અભિગમ અંગે જણાવતા કહ્યું કે મહેનતાણું , વિશેષ સેવાઓનું ઇન્સોર્સિંગ, પ્રદર્શન-આધારિત પ્રોત્સાહન અને નિશ્ચિત-કાર્યકાળ પોસ્ટિંગ સહિત મુશ્કેલ ક્ષેત્રોમાં નિષ્ણાતોની ઉપલબ્ધતા અને જાળવણી સુધારવા માટે નવીન અભિગમો પણ અપનાવી રહી છે.

# KIREEN RIJJUU

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ લોકશાહીના સંસદીય સ્વરૂપને વિશ્વમાં શાસનનું શ્રેષ્ઠ સ્વરૂપ ગણાવ્યું છે. તેઓ સંસદ ભવનમાં  GMC બાલયોગી ઓડિટોરિયમ ખાતે 27મી રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધા 2025-26 ના પુરસ્કારો આપ્યા હતા.

પ્રધાનમંત્રી શ્રી જવાહર નવોદય વિદ્યાલય , શિલોંગના ઉખરુલ-1, મણિપુર 27મી રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધા, 2025-26 ના રાષ્ટ્રીય વિજેતા બન્યા.

વિજેતા સાથે આ સમારોહમાં જવાહર નવોદય વિદ્યાલયના વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં શ્રી રિજિજુએ વિદ્યાર્થીઓને લોકશાહીના પ્રતીક તરીકે સંસદના મહત્વ પર પણ માર્ગદર્શન આપતા ,સંસદીય લોકશાહી પ્રણાલી ભારત માટે શ્રેષ્ઠ અનુકૂળ છે, જ્યાં નાગરિકો તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા પોતાનું શાસન કરે તેમ તેમણે જણાવ્યું છે.

# NEET

નેશનલ ટેસ્ટિંગ એજન્સી ( NTA) એ UGC NET જૂન 2026 ના અંગ્રેજી , વાણિજ્ય અને સમાજશાસ્ત્રના પેપરોની પુનઃપરીક્ષા માટે પ્રોવિઝનલ આન્સર કી બહાર પાડી છે. ઉમેદવારો આ મહિનાની 13મી તારીખ સુધી સત્તાવાર UGC-NET પોર્ટલ દ્વારા આન્સર કીને ઓનલાઈન પડકારી શકે છે.

NTA એ UGC-NET પરીક્ષાના ત્રણ પેપર - અંગ્રેજી , વાણિજ્ય અને સમાજશાસ્ત્ર - માટે પુનઃપરીક્ષાની જાહેરાત કરી હતી. આ પેપરોમાં ઘણી ભૂલો હોવાની ફરિયાદો બાદ. અંગ્રેજી અને વાણિજ્યનું પેપર 9મી તારીખે લેવામાં આવ્યું હતું અને સમાજશાસ્ત્રનું પેપર ગઈકાલે લેવામાં આવ્યું હતું.

# INDIAN NAVY

ભારતીય નૌકાદળનું જહાજ , મૈસુર રોયલ , મલેશિયન નૌકાદળ સાથે દ્વિપક્ષીય કવાયત સમુદ્ર લક્ષ્મણાના ચોથા સંસ્કરણમાં ભાગ લેવા માટે મલેશિયાના લુમુટ ખાતે પહોંચ્યું છે.

ભારતીય નૌકાદળે જણાવ્યું હતું કે આ કવાયતમાં બંદર અને સમુદ્રમાં વ્યાવસાયિક જોડાણોનો સમાવેશ થશે જેનો હેતુ બંને નૌકાદળો વચ્ચે આંતર-કાર્યક્ષમતા સુધારવા અને ઓપરેશનલ સંકલનને મજબૂત બનાવવાનો છે.

આ કવાયત ભારતના મહાસાગર વિઝન અને ASEAN-ભારત દરિયાઈ સહકાર વર્ષ 2026 સાથે જોડાયેલી છે.

# KONGO FIRE

પૂર્વી કોંગોના બુકાવુ શહેરમાં બે શાળાઓમાં આગ લાગતા 26 વિદ્યાર્થીઓ માર્યા ગયા હતા અને 12 ઘાયલ થયા હતા.

સ્થાનિક પડોશી વહીવટકર્તા મોઈસ લુબાલાએ જણાવ્યું હતું કે આગ એક ઘરમાંથી શરૂ થઈ હતી અને પછી બે બાજુની શાળાઓમાં ફેલાઈ ગઈ હતી. આગનું કારણ જાણી શકાયું નથી.

# CRICKET

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે , મહિલા એશિયા કપ 2026ની પ્રથમ સેમિફાઇનલમાં બાંગ્લાદેશને 40 રનથી હરાવ્યું છે . આ જીત સાથે ભારતીય ટીમ ફાઇનલમાં પહોંચી છે.

બાંગ્લાદેશે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. બેટિંગ કરવા ઉતરેલી ભારતે 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 149 રન બનાવ્યા, જેમાં ઓપનર શેફાલી વર્માએ 40 બોલમાં 64 રન બનાવ્યા. તેણીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

150 રનના લક્ષ્યનો પીછો કરતા , બાંગ્લાદેશએ નિર્ધારિત વીસ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 109 રન બનાવ્યા. ભારત તરફથી દીપ્તિ શર્માએ ત્રણ વિકેટ લીધી, નંદની શર્માએ બે વિકેટ લીધી જ્યારે શ્રી ચારણી અને પ્રેમા રાવતે એક-એક વિકેટ લીધી.

આજે બીજા સેમિફાઇનલમાં , પાકિસ્તાન દુબઈમાં શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે. તે સ્પર્ધાના વિજેતા રવિવારે ફાઇનલમાં ભારત સામે ટકરાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજના મોટાભાગના અખબારોમાં દિલ્હીમાં બ્રિક્સ સંમેલન સહિતના સમાચારો પ્રથમ પાને વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારે લખ્યું બ્રિક્સ માટે દિલ્હી અભેદ કિલ્લો બની: એન્ટી ડ્રોન સિસ્ટમ એક્ટિવ.
- નવ ગુજરાત સમયે લખ્યું જિનપિંગ ભારત આવશે , આજે મોદી પુતિન મળશે, ટ્રમ્પની રેવડીની જાહેરાત બહુમતી જળવાશે તો દરેક મતદારને પાંચ લાખ આપશે.
- દિવ્યભાસ્કર એ લખ્યું ટ્રમ્પનો જુમલો ચૂંટણી જીતીશ તો દરેકના ખાતામાં 5000 ડોલર.
- સંદેશે લખ્યું યુએસમાં રેવડી કલ્ચર 5000 ડોલર આપવાનું વચન.
- સ્થાનિક સમાચારોમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની રાજ્ય મુલાકાતને આવરી લેતી તસવીરો , તેમજ અમદાવાદમાં ગણેશ પંડાલોમાં ફાયર સેફટી ફરજિયાતના સમાચારો વાંચવા મળી રહ્યા છે.